ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૯ ટકા

# સે-૩૦ પાસે અકસ્માતમાં યુવા પોલીસકર્મીનું મૃત્યુ

## સેકટર-૩-એ ખાતે રહેતા યુવાન કોન્સ્ટેબલ ચિલોડા જવા માટે એકટીવા પર બ્રિજ ઉતરતા આઈશર ચાલકે અચાનક વળાંક લેતા અકસ્માત સર્જાયો



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ખાતે રહેતા યુવાન કોન્સ્ટેબલ કિર્તીભાઈ રાઠોડનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ નિપજયુ છે. મંગળવારના રોજ સાડા સાત વાગ્યાના અરસામાં તેઓ ચિલોડા તરફ જઈ રહ્યા હતા. ત્યારે મુકિતધામ કટ પાસે આઈશર અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કોન્સ્ટેબલ યુવાનનું ઘટના સ્થળે પ્રાણપંખેરુ ઉડી ગયુ હતું. જયારે આઈશર ટ્રક ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. અકસ્માતને પગલે નાગરીકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે ઘટનાની જાણ રાત્રીના સમયે સેકટરમાં થતા વસાહતીઓમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે મૃતકના ભાઈની ફરીયાદ લઈ ગુનો નોંધી ફરાર આઈશર ચાલકને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ એ પ્લોટ નં.૧૪૩-૨ખાતે રહેતા ૩૩ વર્ષિય કિર્તીભાઈ ડાહ્યાભાઈ રાઠોડ અમદાવાદ યુનિવર્સિટી પોલીસ મથકે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. કિર્તીભાઈ મંગળવારના રોજ સાંજના સુમારે એકટીવા લઈને ઘરેથી ચિલોડા તરફ જવા માટે નીકળ્યા હતા. ત્યારે સેકટર-૩૦ સર્કલ વટાવીને આગળ જઈ રહ્યા હતા, તે સમયે ચિલોડા તરફથી આવી રહેલી આઈશર ટ્રક નં.જી.જે.૨૭.યુ.૮૮૭૯ ચાલકે અચાનક ટ્રક ચરેડી તરફ જવાના કટ પાસે વળાંક લેતા એકટીવા અને આઈશર ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં એકટીવા આઈશરની નીચે આવી ગયુ હતું, જેમાં શરીરે ગંભીર ઈજાઓને પગલે યુવાન કોન્સ્ટેબલનું પ્રાણપંખેરુ ઘટના સ્થળે જ ઉડી ગયુ હતુ. બનાવને પગલે ટ્રક ચાલક ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે મોટી સંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ મૃતકના મોટાભાઈ નિર્મલભાઈને થતા તેઓ મિત્રો સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સેકટર-૨૧ પોલીસ મથકે મૃતકના મોટાભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



દિવસ દરમિયાન ખૂબ આકરી ગરમી પડે છે. ગરમીની સાથોસાથ લૂ પણ ખૂબ ફુંકાય છે. વળી આ ગરમ પવનોની ગતિ પણ ખૂબ તેજ રહે છે. ગતિના કારણે શહેરમાં ઠેર ઠેર લગાવેલા હોર્ડીંગ્સ તૂટી ગયા છે અથવા નમી ગયા છે.

# સિવિલના ગાયેનક વિભાગમાં હોબાળો

## દર્દીના સગાએ ડોકટર રૂમનો દરવાજો બંધ કરી દીધો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગાયનેક ઓપીડીમાં બુધવારના સવારે એક અજીબો-ગરીબ ઘટના બની હતી. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાયનેક ઓપીડી વિભાગમાં સગર્ભા મહિલા નિયત સમય મુજબ ચેકઅપ માટે આવી હતી. ત્યારે હાજર ડોકટર દ્વારા સગર્ભા મહિલાને બહારથી સોનોગ્રાફી કરાવવા માટે કહ્યું હતું. જેથી સિવિલમાં સોનોગ્રાફી થતી હોવા છતા બહારથી કેમ સોનોગ્રાફી કરાવુ તેમ કહીને દર્દીના સગા અને ડોકટર વચ્ચે ચકમક ઝરી હતી. હાલની પરિસ્થિતિને પગલે સગર્ભા મહિલાઓ માટે ગાયનેક ઓપીડીમાં સોનોગ્રાફીની વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરાઈ છે. તેમ છતા સોનોગ્રાફી કરવામાં આવતી નથી અને મહિલા દર્દીઓ હેરાન પરેશાન થાય છે.

ત્યારબાદ મહિલા દર્દીના સગા ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ સોનોગ્રાફી વિભાગમાં સોનોગ્રાફી કરાવી હતી. સોનોગ્રાફી બાદ ડોકટરને બતાવવા જતા ફરીવાર કંઈ બોલાચાલી થઈ હશે જેને પગલે દર્દીના સગાએ ઓપીડીમાં બેઠેલા ડોકટરના રૂમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. જેને પગલે ડોકટરે ૧૦૦ ડાયલ કરીને પોલીસ બોલાવી હતી. ત્યારબાદ મહિલા દર્દી -સગા, ડોકટર અને પોલીસ તમામ સિવિલ સુપ્રિટેન્ડન્ટ પાસે ગયા હતા. જેથી તબિબિ અધિક્ષક અને પોલીસની સમજાવટથી મામલો થાળે પડ્યો હતો તેમ જાણવા મળ્યું છે.

# સરઢવ-સોનીપુર માર્ગ પર સામ-સામે મોપેડ ટકરાતા સે-૩ના આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

સરઢવ એચપીસીએલ પ્લાન્ટ ખાતે ફરજ બજાવતા સેકટર-૩ના આધેડને સરઢવ-સોનીપુર માર્ગ પર અકસ્માત નડ્યો હતો. સોનીપુર માર્ગ પર સામાસામે મોપેડ ટકરાતા સેકટર-૩ ના આધેડને શરીરે ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજયુ હતું.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૩ સી પ્લોટ નં. ૫૫૬-૨ ખાતે રહેતા હેમંતભાઈ માવજીભાઈ પરમાર (૫૫ વર્ષ) સરઢવ ખાતે એચપીસીએલ પ્લાન્ટ ખાતે ફરજ બજાવે છે. મંગળવારના રોજ બપોરના સુમારે તેઓ સરઢવ નોકરી માટે જઈ રહ્યા હતા, ત્યારે સોનીપુર માર્ગ પર જી.જે.૧૮.સી.ડી.-૨૨૨૯ ના ચાલકે હેમંતભાઈના મોપેડને ટક્કર મારી હતી. જેમાં માર્ગ પર પટકાયેલા હેમંતભાઈને માથાના ભાગે તેમજ પગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરીકોએ તેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન મોડી સાંજે તેમનું મૃત્યુ થયુ હતુ. અકસ્માતને પગલે પેથાપુર પોલીસે મૃતકના મોટાભાઈની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કોલેજ-યુનિવર્સિટી પરીક્ષાઓ રદ કરી ચાલુ સેમેસ્ટરમાં માસ પ્રમોશન આપવા બળવત્તર બનતી માંગ

ગાંધીનગર, તા.૨૭

વિશ્વભરમાં કાતિલ કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે જેને પગલે વિશ્વભરની મોટાભાગની વસ્તી લોકડાઉનની કેદમાં બંધ છે. ભારતમાં પણ વડાપ્રધાન દ્વારા એક પછી એક એમ સળંગ કુલ ચાર લોકડાઉન લાગુ કરવામાં આવ્યો છે. લોકડાઉન-૧ના પ્રારંભ સાથે જ ગુજરાત સરકાર દ્વારા તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં રજાઓ જાહેર કરવામાં આવી દીધી હતી જેને કારણે જે વિદ્યાર્થીઓ દૂર દૂરના સ્થળોએ અભ્યાસ કરતા હતા તેઓ પોતાના વતનમાં પરત પહોચી ગયા હતા. લોકડાઉનની સ્થિતિ હજુ પણ ચાલુ છે જેના કારણે આ વિદ્યાર્થીઓના અભ્યાસ પર ખૂબ મોટી અસર પાડવા પામી છે અને લાંબા સમયથી વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત છે. આ સ્થિતમાં જયારે રાજયના શિક્ષણમંત્રીએ જયારે કોલેજ-યુનિવર્સિટીની પરીક્ષાઓ આગામી તા. ૨૫મી જૂનથી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે અને તે અંગેનો શિક્ષણ વિભાગ દ્વારા પરીપત્ર પણ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે તેની વિરુદ્ધ પરીક્ષાઓ મોકૂફ રાખીને ચાલુ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા માંગ બળવત્તર બનતી જાય છે.

કોલેજ-યુનિવર્સિટીની પરીક્ષાઓ મોકૂફ રાખીને ચાલુ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ વિદ્યાર્થીઓનું ભાવી જોખમાય નહી અને કોરોના સંક્રમણના લીધે રાજયના કોઈપણ વિદ્યાર્થીઓ કોરોના મહામારીનો ભોગ ના બને તે માટે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સભ્ય નિરવભાઈ દવેએ રાજયના તમામ કોલેજ અને યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા બાબતે આજે શિક્ષણમંત્રીને અને શિક્ષણ સચિવને પત્ર લખીને લેખીતમાં રજૂઆત કરી છે. આ ઉપરાંત ગુજરાતની અન્ય યુનિવર્સિટીની જેમ ગુજરાત યુનિવર્સિટીમાં પણ સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હવે અગાઉના સેમેસ્ટર અને કોલેજની આતંરીક પરીક્ષામાં પ્રાપ્ત ગુણના આધારે માસ પ્રમોશન આપવા બાબતે ગુજરાત યુનીવર્સીટીના વેલ્ફેર મેમ્બર યશરાજસિંહ ચાવડા દ્વારા યુનિવર્સિટીના કુલપતીને રજુઆત કરવામાં આવી છે.



કાળઝાળ ગરમી શરૂ થઈ ચુકી છે. પરંતુ ગરમીની મોજ માણી શકાય તેવી હાલમાં સ્થિતિ નથી. સામાન્ય દિવસોમાં ઉનાળાની સાંજે ભરચક થઈ જતાં બાગ બગીચાઓ હાલમાં સૂના પડયાં છે. એટલું જ નહી મોડી રાત સુધી ધમધમતી સોડા, કોલ્ડ ડ્રીંકસની લારીઓ ગાયબ થઈ ગઈ છે. આઈસ્ક્રીમ પાર્લરો ખુલ્યા છે પરંતુ ત્યાં પણ જરાય ઘરાકી નથી. ઉનાળામાં હંમેશા ગ્રાહકોથી ભરચક રહેતા શેરડીના કોલા તો દૂર દૂર સુધી કયાંય દેખાતા નથી. ઉનાળા દરમિયાન સેકટરના દરેક ખૂણે ઉભા રહેતા શેરડીના કોલા કોરોનાના કારણે બંધ રહેતા આ વખતે વસાહતીઓને ઠંડા ઠંડા શેરડીના રસથી દૂર રહેવું પડયું છે ત્યારે લોકડાઉન-૪ દરમિયાન મળેલી છૂટમાં શહેરમાં એક માત્ર રસનું કોલું જોવા મળ્યું હતું.

# શહેરના કન્ટેન્ટમેન્ટ એરિયાના ૨ લાખ ૭૦ હજારથી વધુ રહીશોને આયુર્વેદ ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાના કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવેલા વિસ્તારમાં તા. ૨૬મી, ૨૦૨૦ સુધીમાં કુલ ૨ લાખ ૭૦ હજારથી વધુ નાગરિકોને રોગ પ્રતિકારક શક્તિ વધે તેવા આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસના સંક્રમણને ફેલાવતા અટકાવવા માટે અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે હોમિયોપેથિક દવા આર્સેનિક આલબમનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત ફાયર શાખાના વાહનો દ્વારા અત્યારસુધી મહાનગરપાલિકાના દરેક વિસ્તારોને ચેપ મુક્ત કરવા સોડિયમ હોઈપોક્લોરાઈટ દ્વારા છંટકાવ કરવામાં આવી રહેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૨૬મી મે, સુધીમાં યુથ હોસ્ટેલ, સેકટર-૧૬ ખાતે ૦૫, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭ ખાતે ૨૮, ઉદયભાણસિંહજી ક્ષેત્રિય સહકારી સંસ્થાન, સેકટર-૩૦ ખાતે ૨૩, આઈઆઈટી, સેકટર-૧૫ ખાતે ૨૮, એનઆઈસીએમ, ઈન્ફોસીટી ખાતે ૮, એલ.ડી. આઈ.પી.કોલેજ, સેકટર-૧૫ ખાતે ૩૯ વિદેશી ભારતીય વ્યક્તિઓને હાલ ફેસીલીટી કવોરેન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ફેસીલીટી કવોરેન્ટાઈનના નિરીક્ષણ હેઠળ રાખેલા તમામ વ્યક્તિઓના સ્વાસ્થ્ય અને તેમની દૈનિક તમામ જરૂરિયાતોની પુરતી કાળજી લેવામાં આવી રહી છે. તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૨૬મી મે, ૨૦૨૦ ના રોજ કુલ ૩૮૭ લોકોને હોમ કવોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. તેમના સ્વાસ્થ્ય અંગે સતત મોનીટરીગ કરવામાં આવી રહ્યું છે.





ગાંધીનગર શહેરમાં હોમ કવોરેન્ટાઈન કરેલ પરિવારોને અત્યાર સુધી ૮,૩૫૦ લિટર દૂધ વિના મૂલ્યે પુરૂં પાડવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં ઘરવિહોણા લોકો માટે પાલિકા દ્વારા સેકટર-૬ ખાતે હંગામી શેલ્ટર હોમ (આશ્રયગૃહ)ની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી ૬૪૦ લોકોને ભોજનની વ્યવસ્થા સાથે આશ્રય પુરું પાડવામાં આવ્યું છે. તે ઉપરાંત નોવેલ કોરોન વાઈરસ અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે ઉભા કરવામાં આવેલા વિવિધ કંટ્રોલરૂમ તથા હેલ્પલાઈન થકી અત્યારસુધી કુલ ૪૧૩૭ વ્યક્તિઓને સંતોષકારક માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

તા.૨૬મી મે, ૨૦૨૦ સુધીમાં મહાનગરપાલિકા દ્વારા બાયોમેડિકલ વેસ્ટના કલેકશન માટે અલગ અલગ વાહનો ફાળવવામાં આવ્યા છે. જેના થકી પીળા કલરની બેગમાં ૪૨૮૨ કિલોગ્રામથી વધુ, લાલ કલરની બેગમાં ૯૦૦ કિલોગ્રામ તથા વાદળી કલરની બેગમાં ૯૨ કિલોગ્રામથી વધુ વેસ્ટ એકત્ર કરી નિકાલ કરવામાં આવ્યો છે.

# સેકટર-૨૦ના અમુક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરાયો

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા સેકટર-૨૦ના અમુક વિસ્તારને તા.૨૭મી મે, ૨૦૨૦ના રોજ મહાનગર પાલિકાના કમિશનરશ્રી રતનકંવર ગઢવીચારણ દ્વારા જાહેરનામું બહાર પાડીને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ભારતમાંપણ કોવિડ-૧૯ના કેસો નોધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં સેકટર-૨૦ના જી-૧ ટાઈપના મકાન નંબર- ૧૧ તથા ૧૩ થી ૧૭ ને આવરી લેતા વિસ્તારમાં આવેલા અંદાજીત ૨૪ ઘરોમાં રહેતા આશરે ૧૦૫ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ભરતભાઈ સોડાભાઈ સાકરીયા, ઉ.વ. ૫૫
- સ્વ. વણકર હેમંતકુમાર માવજીભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. જયંતિલાલ છોટાલાલ મહેતા, ઉ.વ. ૭૮
- સ્વ. વણઝારા રામાભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૩૬
- સ્વ. સરલાબેન કનૈયાલાલ મહેતા, ઉ.વ. ૮૨
- સ્વ. રેખાબેન કિશનસિંહ ઝાલા
- સ્વ. કમુબેન ચીમનલાલ પટેલ, ઉ.વ. ૭૦

# સોશિયલ મીડિયા પર નવી સ્પર્ધા : ‘એક સેલ્ફી આત્મનિર્ભરતા માટે.. એક સેલ્ફી સ્વદેશીપણા માટે...’

## યુવા વર્ગની સેલ્ફીની ઘેલછાનો ‘સ્વદેશી’ ચીજવસ્તુઓ વાપરવા તરફ જાગૃત કરવા માટે સકારાત્મક ઉપયોગ : સ્પર્ધા થકી ‘આત્મનિર્ભરતા અભિયાન’ને વેગ મળશે અને સ્પર્ધકો પોતાના સ્વદેશી ઉત્પાદનોને વધુ ગ્રાહકો સુધી પહોચાડી શકશે

ગાંધીનગર, તા.૨૭

કોરોના મહામારીના પગલે દેશને ભારે આર્થિક નુકસાન થઈ રહ્યું છે અને અર્થતંત્ર પર મોટો ફટકો પડે તેવી સંભાવના સ્પષ્ટ જણાય છે. આ વાત ખુદ વડાપ્રધાને પણ સ્વીકારી છે અને રાષ્ટ્રને આ આર્થિક સંકટમાથી ફરી પગભર કરવા માટે તેમણે દેશની જનતાને ‘આત્મનિર્ભરતા અભિયાન’ થકી સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ વધારવાનો મંત્ર આપ્યો છે જેના કારણે દેશના ઉદ્યોગોને ફરી ધમધમતા થવા માટે બળ મળશે અને તે સાથે સાથે નાગરિકોને રોજગારી પણ મળશે. એટલુજ નહીં પરંતુ દેશના વિદેશી હુંડિયામણની પણ બચત થશે જેથી દેશ ઝડપથી સધ્ધરતા તરફ આગળ વધશે. વડાપ્રધાનના આ આહવાનને અનુલક્ષીને નાગરિકોમાં ફરી એકવાર સ્વદેશી ચળવળ જોર પકડી રહી છે અને સોશિયલ મીડિયા પર આ અંગે વિવિધ પ્રકારની હિલચાલ પણ જોવા મળી રહી છે. અત્યારે ગાંધીનગર-અમદાવાદ સહિત સમગ્ર રાજયભરના નાગરિકોમાં સ્વદેશી ચીજવસ્તુઓ વાપરવા અંગે જાગૃતિ વધે તે હેતુથી સોશિયલ મીડિયા પર એક નવા જ પ્રકારની સ્પર્ધા શરૂ થઈ છે જેનું નામ છે ‘આત્મનિર્ભરતા સેલ્ફી કોમ્પિટિશન’.

### સ્પર્ધામાં કેવી રીતે ભાગ લઈ શકાય?

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકે સ્વદેશીના ફેસબુક પેજ ઉપર કોઈ પણ એક સ્વદેશી ચીજવસ્તુ સાથેની પોતાની એક સેલ્ફી પોસ્ટ કરવાની છે. આત્મનિર્ભરતાની સેલ્ફી સ્પર્ધાની છેલ્લી તારીખ ૩૧મી મે છે અને આ સેલ્ફી સ્પર્ધામાં સ્પર્ધકે રજુ કરેલ સેલ્ફી ઓરીજીનલ હોવી જોઈશે મતલબ કે એડિટ કરેલી સેલ્ફી નહી ચાલે. સ્પર્ધા માટે સેલ્ફીમાં દર્શાવેલ ચીજવસ્તુ સંપૂર્ણ સ્વદેશી હોવી ફરજિયાત છે તેમજ સ્પર્ધામાં રજુ કરેલ સેલ્ફીમાં માટલાથી લઈ દેશી કેરી સુધીની તમામ ચીજવસ્તુઓ સાથે ભાગ લઈ શકાશે. સ્પર્ધાના અંતે કુલ પાંચ વિજેતાઓને ઈનામ તથા પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવશે. સ્પર્ધાના નિર્ણય અંગે નિર્ણાયકોનો નિર્ણય અંતિમ ગણાશે. નિર્ણાયક પેનલમાં જાણીતા ફોટોગ્રાફર બ્રેનલ ખત્રી તથા જાણીતા ઈવેન્ટ ક્યુરેટર રીમા શાહનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કોરોના પછીની હવેની લડાઈ ‘સ્વદેશીપણાં’ માટેની રહેશે, આત્મનિર્ભરતા માટેની હશે. દેશનો પ્રત્યેક નાગરિક એવી પ્રતિજ્ઞા લે કે દેશમાં બનતી પ્રોડકટ તે પહેલાં વાપરે, દેશમાં ન બનતી હોય એવી ચીજો જ વિદેશની વાપરે તો રાષ્ટ્ર આર્થિક સંકટમાથી જલ્દી બહાર આવી શકશે. આપણી રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ પૈકી ભારતમાં લગભગ ૮૦ ટકા ચીજો બને છે. જો દરેક નાગરિક આમ વિચારશે તો તેને પોતાને તો ફાયદો થશે, તે સાથે દેશને પણ અનેકગણો ફાયદો થશે. દેશમાં જે નથી બનતી એવી વિદેશી ચીજ ભલે વાપરો પરંતુ જે ચીજો દેશમાં બને જ છે તો તે માટે વિદેશી પ્રોડકટ ખરીદવાનું ટાળો. આ સંદેશ સાથે સોશિયલ મીડિયા પર તૃપ્તિબા રાઓલ અને પૂર્વી જાડાવાલા દ્વારા છેડવામાં આવેલ ‘આત્મનિર્ભરતા સેલ્ફી કોમ્પિટિશન’નો મંત્ર છે ‘એક સેલ્ફી આત્મનિર્ભરતા માટે...,એક સેલ્ફી સ્વદેશીપણા માટે...’

સ્પર્ધાના આયોજકોનું કહેવું છે કે ‘આજે આપણે શાકના વઘારથી લઈને મસાલા, સાબુ, તેલ જેવી દરેક ચીજો વિદેશી વાપરવા લાગ્યા છીએ. દેશના લોકો ૮૦ ટકા ચીજો વિદેશી વાપરે છે, કારણ કે તેઓ જાહેરાતો જબરદસ્ત કરે છે અને આપણી માર્કેટમાં તે સરળતાથી પ્રાપ્ત છે તેથી દેશને થતા નુકસાન માટે આપણા મગજમાં કોઈ વિચાર આવે તે પહેલાં દેશને નુકસાન થઈ ગયું હોય છે. આથી સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા આ અભિયાન શરૂ કરાયું છે અને જેમાં એક એવું પ્લેટફોર્મ હશે જેના ઉપર આપ સ્વદેશી પ્રોડકટ મેળવી શકશો તેમજ જેના ઉપર આપ આપની સ્વદેશી પ્રોડકટ વેચી પણ શકશો. આપણી સ્વદેશી પ્રોડકટને ઉત્તેજન આપવાના હેતુથી એક ઓનલાઈન હરિફાઈ શરૂ આવી છે જેનું નામ ‘આત્મનિર્ભરતાની સેલ્ફી’ રાખવામા આવ્યું છે.’